Wednesday
28.10.2026
*Volume :11 * Issue No.116
*Email.: kamalamgujarat@gmail.com
*www.kamalamgujarat.com
*Editor :Mahesh N. Patel:- (98249 10606)

જય જય ગરવી ગુજરાત — વંદે માતરમ્

# કમલમ્

KAMALAM — ગાંધીનગર થી પ્રસિદ્ધ થતું દૈનિક — Daily

RNI No.:GUJGUJ/2016/73451

*Office: A-3, Plot No. R - 13, Tanishq Complex, New Greencity, Sector-26, Gandhinagar (Gujarat) 382028 *Page :04*Rs. 00.25/- *Annual Rs. 90/-

# કેન્દ્રીય મંત્રી શ્રી સી. આર. પાટીલે જળ સંસાધન, નદી વિકાસ અને ગંગા સંરક્ષણ વિભાગની પ્રમુખ પહેલો, પ્રોજેક્ટ્સ અને કાર્યક્રમોની સમીક્ષા કરી




કમલમ્,

કેન્દ્રીય જલશક્તિ મંત્રી શ્રી સી. આર. પાટીલે જલ શક્તિ રાજ્ય મંત્રી શ્રી રાજ ભૂષણ ચૌધરીની ઉપસ્થિતિમાં જળ સંસાધન, નદી વિકાસ અને ગંગા સંરક્ષણ વિભાગના વિભાગીય વડાઓ સાથે એક સમીક્ષા બેઠકની અધ્યક્ષતા કરી હતી, જેથી વિભાગ અને તેની વિવિધ પાંખો તથા સંસ્થાઓ દ્વારા હાથ ધરવામાં આવેલા પ્રોજેક્ટ્સ, કાર્યક્રમો, યોજનાઓ અને પહેલોની સમગ્ર પ્રગતિનું મૂલ્યાંકન કરી શકાય. બેઠક દરમિયાન, પૂર સંચાલન પાંખ (FM Wing), ફરક્કા બેરેજ પ્રોજેક્ટ, રાષ્ટ્રીય જળ મિશન, કમાન્ડ એરિયા ડેવલપમેન્ટ એન્ડ વોટર મેનેજમેન્ટનું આધુનિકીકરણ (M-CADWM), બેસિન મેનેજમેન્ટ-I અને II, રાષ્ટ્રીય જળ વિકાસ એજન્સી, કેન-બેતવા લિંક પ્રોજેક્ટ ઓથોરિટી, બ્રહ્મપુત્ર-બરાક નદી બાબતો, બ્રહ્મપુત્ર બોર્ડ, લઘુ સિંચાઈ આંકડાશાસ્ત્ર, અને નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ હાઈડ્રોલોજી (NIH) એ તેમની ચાલુ યોજનાઓ અને પ્રવૃત્તિઓ પર વિગતવાર પ્રસ્તુતિઓ આપી હતી. આ ચર્ચાઓ ચાલુ પ્રોજેક્ટ્સની સ્થિતિ પર કેન્દ્રિત હતી, જેમાં પૂર સંચાલન અને સરહદી વિસ્તાર કાર્યક્રમ (FMBAP) હેઠળના પ્રોજેક્ટ્સની પ્રગતિ, ફરક્કા બેરેજ પ્રોજેક્ટ હેઠળ બેરેજના ગેટ બદલવા અને ધોવાણ વિરોધી ઉપાયો સહિતના મુખ્ય કાર્યોની પ્રગતિ અને અમલીકરણ સંબંધિત પડકારો, રાષ્ટ્રીય જળ મિશનની પ્રાથમિક પ્રવૃત્તિઓ અને પહેલો, M-CADWM હેઠળ ૩૫ પાઈલટ ક્લસ્ટરોની અમલીકરણ સ્થિતિ, લિંક કેનાલ, દૌધન ડેમ સહિત કેન-બેતવા લિંક પ્રોજેક્ટની સ્થિતિ અને બ્રહ્મપુત્ર બોર્ડ દ્વારા માસ્ટર પ્લાન/DPR તૈયાર કરવાની પ્રગતિ, લઘુ સિંચાઈ આંકડાશાસ્ત્ર કાર્યક્રમ હેઠળ ચાલુ ચાર વસ્તીગણતરીની પ્રગતિ, અને NIH ના મુખ્ય કાર્યક્રમો તથા પ્રવૃત્તિઓના લક્ષ્યાંકો અને પ્રગતિ વગેરેનો સમાવેશ થાય છે. મંત્રીશ્રીએ પ્રોજેક્ટના અમલીકરણમાં ઝડપ લાવવા અને સમયબદ્ધ રીતે પ્રોજેક્ટ પૂર્ણ કરવા માટે રાજ્યો સાથેના તાલમેલને મજબૂત કરવાના ઉદ્દેશ્યથી નિર્દેશો જારી કર્યા હતા અને નિર્ણયો નોંધ્યા હતા. ઝડપી અમલીકરણની જરૂરિયાત પર ભાર મૂકતા, કેન્દ્રીય મંત્રીએ નિર્દેશ આપ્યો હતો કે પ્રોજેક્ટ્સની પ્રગતિને અસર કરતા અવરોધોને ઝડપથી ઓળખીને તેનો ઉકેલ લાવવામાં આવે જેથી પ્રોજેક્ટ્સ સમયસર પૂર્ણ થાય તે સુનિશ્ચિત કરી શકાય. તેમણે વિભાગની સંબંધિત પાંખો અને સંસ્થાઓના વરિષ્ઠ અધિકારીઓ અને વડાઓને સમીક્ષા દરમિયાન લેવાયેલા નિર્ણયો પર અસરકારક ફોલો-અપ સુનિશ્ચિત કરવા અને નિર્ધારિત સમયમર્યાદામાં ઈચ્છિત પરિણામો પ્રાપ્ત કરવા પર ધ્યાન કેન્દ્રિત કરીને અમલીકરણની નજીકથી દેખરેખ જાળવી રાખવા આહ્વાન કર્યું હતું.

# નર્મદા નિયંત્રણ પ્રાધિકરણની સમીક્ષા સમિતિ (RCNCA) ની દિલ્હી ખાતે ૧૫મી બેઠક

**નર્મદા મુદ્દે દાયકાઓ જૂના પ્રશ્નના સમાધાનની દિશામાં મહત્વપૂર્ણ પ્રગતિ**



કમલમ્,

- નર્મદા નિયંત્રણ પ્રાધિકરણની સમીક્ષા સમિતિ (RCNCA)ની ૧૫મી બેઠક સકારાત્મક અને રચનાત્મક વાતાવરણમાં સફળતાપૂર્વક યોજાઈ
- બેઠકમાં કેન્દ્રીય જળશક્તિ મંત્રીશ્રી સી. આર. પાટીલ સાહેબ અને ગુજરાતના મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા
- રાજસ્થાન, મધ્યપ્રદેશ અને મહારાષ્ટ્રના માનનીય મુખ્યમંત્રીઓ વીડિયો કોન્ફરન્સના માધ્યમથી બેઠકમાં જોડાયા
- અગાઉ થયેલા MoU (સમજૂતી કરાર)ને આ બેઠકમાં અનુમોદન આપવામાં આવ્યું હતું.
- બેઠકમાં નર્મદા સંબંધિત વિવિધ મહત્વપૂર્ણ મુદ્દાઓ પર સકારાત્મક ચર્ચા-વિચારણા કરવામાં આવી હતી અને પરસ્પર સમજણ તથા સહમતિનું વાતાવરણ સર્જાયું હતું.
- નર્મદા સંબંધિત દાયકાઓ જૂના પ્રશ્નોના સમાધાનની દિશામાં આ બેઠક મહત્વપૂર્ણ બની છે.
- નર્મદા સંબંધિત અન્ય મોટા અને બાકી રહેલા મુદ્દાઓનું નિરાકરણ પણ ભવિષ્યમાં પરસ્પર સમજણ, સંવાદ અને સહયોગ દ્વારા લાવવા માટે સકારાત્મક અભિગમ અપનાવવામાં આવ્યો છે.
- કેન્દ્ર સરકાર અને સંબંધિત રાજ્યો વચ્ચેના પરસ્પર સંકલન અને સહયોગથી નર્મદા સંબંધિત મુદ્દાઓને સહમતિપૂર્વક ઉકેલવાની દિશામાં આગળ વધવામાં આવશે.

# આરોગ્ય મંત્રી શ્રી પ્રફુલભાઈ પાનશેરીયાના હસ્તે ૨૩મી TNAI ગુજરાત રાજ્ય કોન્ફરન્સનો શુભારંભ કરાયો

**આરોગ્ય મંત્રીશ્રીએ ગુજરાતના નર્સિંગ પ્રોફેશનલ્સની દેશ-વિદેશમાં એક અલગ છાપ ઊભી થાય, એવા પ્રયાસો કરવા આહવાન કર્યું**

કમલમ્,અમદાવાદ

ટ્રેઈન્ડ નર્સીસ એસોસિયેશન ઓફ ઈન્ડિયાના ગુજરાત ચેપ્ટર દ્વારા આયોજિત એક દિવસીય કોન્ફરન્સના ઉદ્ઘાટન સમારંભમાં આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રી શ્રી પ્રફુલભાઈ પાનશેરીયાની ઉપસ્થિતિ પ્રોત્સાહક બની રહી હતી. કોન્ફરન્સના ઉદ્ઘાટન સમારંભમાં મંત્રી શ્રી પ્રફુલભાઈ પાનશેરીયાએ જણાવ્યું હતુ કે કોન્ફરન્સ તો કુંભ સમાન છે, જેમાં જ્ઞાન અને કૌશલ્યનું આદાનપ્રદાન થઈ શકે છે. માણસ તરીકે આપણે સતત શીખતા રહેવાનું હોય છે. આપણા ક્ષેત્રમાં શ્રેષ્ઠ પ્રદર્શન કરવા માટે સતત શીખતા રહેવું જરૂરી છે, એવું તેમણે ઉમેર્યું હતું. શ્રી પાનશેરીયાએ વધુમાં જણાવ્યું હતુ કે એઆઈ કે રોબોટ પણ નર્સિંગનું કામ લઈ શકશે નહીં. કારણ કે રોબોટ જાણકારી આપી શકશે, પરંતુ લાગણી-ભાવના સાથે કામ કરી શક્તા નથી. દર્દી માટે દવા કરતાં પણ યોગ્ય વર્તન અને સારસંભાળ વધારે જરૂરી હોય છે. નર્સિંગ જેવા વ્યવસાયમાં તો ટંગ મેનેજમેન્ટની ઘણી મોટી ભૂમિકા હોય છે. ટંગ મેનેજમેન્ટ શ્રેષ્ઠ હોય, એ દુનિયા જીતી શકે છે, એવું તેમણે ઉમેર્યું હતું. આરોગ્ય મંત્રીશ્રીએ દયા, પ્રેમ અને કરુણાનો મંત્ર આપતાં નર્સિંગ પ્રોફેશનલ્સને જણાવ્યું હતુ કે દયા, પ્રેમ અને કરુણા સાથે કામ કરવામાં આવે તો દર્દી ઝડપથી સાજો થઈ શકે છે. પેશન્ટની સેવા માટે, શ્રેષ્ઠ સારવાર માટે કમિટમેન્ટ હશે તો ભીતરની ફ્લોરેન્સ બહાર આવશે, એવું તેમણે ઉમેર્યું હતું. મંત્રીશ્રીએ ગુજરાતના નર્સિંગ પ્રોફેશનલ્સની દેશ-વિદેશમાં એક અલગ છાપ ઊભી થાય, એવા પ્રયાસો કરવા માટે પણ આહવાન કર્યું હતું. દરેક વ્યક્તિ માટે શુભ-ચિંતન અને શ્રેષ્ઠ કાર્યની ભાવના હશે તથા દયા, પ્રેમ અને કરુણાના ભાવ અને માનવતાપૂર્ણ અભિગમ સાથે કામ કરવામાં આવશે તો આ લક્ષ્ય હાંસલ કરી શકાશે, એવો વિશ્વાસ તેમણે વ્યક્ત કર્યો હતો.






મંત્રીશ્રીએ ભગવદ્ ગીતામાં શ્રીકૃષ્ણે પ્રબોધેલ – ફળની આશા રાખ્યા વિના નિષ્કામ કર્મ કરવાનું મહત્ત્વ સમજાવતા જણાવ્યું હતું કે સ્થાન કોઈ પણ હોય, કામ કોઈ પણ હોય, પરંતુ રાગ-દ્વેષ કે નાની-નેગેટિવ વાતોને બદલે આપણું શ્રેષ્ઠ આપવાનો હંમેશાં પ્રયાસ કરવો જોઈએ. શુદ્ધ અને સાત્વિક ભાવે કરેલું કોઈ પણ કામ શ્રેષ્ઠ પરિણામ આપે છે.

ઉદ્ઘાટન સમારંભમાં ઈન્ડિયન મેડીકલ એસોસિયેશનના રાષ્ટ્રી પ્રમુખ શ્રી ડૉ. અનિલકુમાર જે. નાયક, ટ્નછૈના રાષ્ટ્રીય પ્રમુખ શ્રીમતી એન્ની કુમાર, સિવિલના પૂર્વ સુપરિટેન્ડન્ટ શ્રી ડૉ. એમ.એમ. પ્રભાકર, સિવિલના તબિબિ અધિક્ષક શ્રી ડૉ. રાકેશ જોષી, NAI ના રાષ્ટ્રીય પ્રમુખ (વેસ્ટર્ન ઝોન) શ્રી હિતેષ ભટ્ટ વગેરેએ પ્રાસંગિક પ્રવચનો કર્યા હતા. TNAI ગુજરાત સ્ટેટ બ્રાંચના જનરલ સેક્રેટરી શ્રી ઈકબાલ કડીવાલાએ સ્વાગત પ્રવચન કર્યું હતું. આ પ્રસંગે TNAI ગુજરાત સ્ટેટ બ્રાંચના પ્રમુખ હિતેષ ભટ્ટ, જીએનસીના રજિસ્ટ્રાર ડૉ. પ્રજ્ઞા ડાભી, જીઆઈએનઈઆરએના પ્રિન્સિપાલ અને ઓર્ગનાઈઝિંગ જોઈન્ટ સેક્રેટરી ડૉ. હિરલ શાહ, સિવિલ હોસ્પિટલના નર્સિંગ સુપરિટેન્ડન્ટ શ્રી રોમાંચ ઉપાધ્યાય, TNAI ગુજરાત સ્ટેટ બ્રાંચના ઉપપ્રમુખ ટ્વિંકલ ગોહેલ, જોઈન્ટ સેક્રેટરી હેમદીપ પટેલ સહિતના હોદ્દેદારો અને અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે સરદાર વલ્લભભાઈ રાષ્ટ્રીય સ્મારક ખાતે ધ ગુજરાત ઈન્સ્ટિટ્યૂટ ઓફ નર્સિંગ એજ્યુકેશન એન્ડ રિસર્ચ, અમદાવાદ (GINERA) દ્વારા આયોજિત આ કોન્ફરન્સ 'રિડિફાઈનિંગ ક્લિનિકલ પ્રેક્ટિસ: એમ્પાવરિંગ નર્સ થ્રુ ઈનોવેટિવ ટેક્નોલોજી' થીમ પર યોજાઈ હતી, જેમાં રાજ્યભરમાંથી નર્સિંગ પ્રોફેશનલ્સ મોટી સંખ્યામાં સહભાગી બન્યો હતો.

# અમદાવાદ ખાતેથી મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના હસ્તે ઓનલાઈન નવસારી જિલ્લામાં રૂ. ૯૦ લાખના ખર્ચે નિર્મિત ૨ સબ સેન્ટરનું લોકાર્પણ અને રૂ. ૧.૫૦ કરોડના ખર્ચે ૪ નવા સબ સેન્ટરનાં ખાતમુહૂર્ત કરાયું

**અડદા ખાતે આયોજીત કાર્યક્રમમાં નવસારી વિધાનસભા મતવિસ્તારના ધારાસભ્યશ્રી રાકેશભાઈ દેસાઈ ઉપસ્થિત રહ્યા હતા**

કમલમ્,નવસારી

રાજ્યમાં આરોગ્ય સેવાઓના માળખાને વધુ સુદૃઢ બનાવવા અને નાગરિકોને ગુણવત્તાયુક્ત આરોગ્ય સેવાઓ ઘરઆંગણે ઉપલબ્ધ કરાવવાના હેતુથી આજે અમદાવાદ ખાતે મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના વરદ હસ્તે ઈન્સ્ટિટ્યૂટ ઓફ ન્યૂરોસાયન્સ એન્ડ રિસર્ચ સેન્ટરનું ખાતમુહૂર્તની સાથે ૨૫૫ જેટલી આરોગ્ય સંસ્થાઓનું ઈ-લોકાર્પણ અને ઈ-ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. આ રાજ્યવ્યાપી કાર્યક્રમ અંતર્ગત નવસારી જિલ્લામાં જિલ્લા પંચાયતની આરોગ્ય શાખા હસ્તક રૂ. ૯૦ લાખના ખર્ચે નિર્મિત બે સબ સેન્ટરનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. જેમાં જલાલપોર તાલુકાના ડાભેલ ગામ ખાતે રૂ. ૪૫ લાખના ખર્ચે અને વાંસદા તાલુકાના સિંગાડ ગામ ખાતે રૂ. ૪૫ લાખના ખર્ચે નિર્મિત સબ સેન્ટરનો સમાવેશ થાય છે. આ ઉપરાંત, નવસારી જિલ્લામાં રૂ. ૧.૫૦ કરોડના ખર્ચે ચાર નવા સબ સેન્ટરનાં ખાતમુહૂર્ત કરવામાં આવ્યાં હતાં. જેમાં નવસારી તાલુકાના અડદા અને ઉગત ગામ ખાતે પ્રત્યેક રૂ. ૩૬ લાખના ખર્ચે તથા વાંસદા તાલુકાના ધાકમાળ અને બારતાડ ગામ ખાતે પ્રત્યેક રૂ. ૩૯ લાખના ખર્ચે નવા સબ સેન્ટર બનાવવામાં આવશે. આ સબ સેન્ટરોના નિર્માણથી સ્થાનિક નાગરિકોને આધુનિક અને સુવિધાસભર પ્રાથમિક આરોગ્ય સેવાઓ વધુ સુલભ બનશે તથા આરોગ્ય સેવાઓ માટે દૂર સુધી જવાની જરૂરિયાતમાં ઘટાડો થશે. આ પ્રસંગે નવસારી વિધાનસભા મતવિસ્તારના ધારાસભ્યશ્રી રાકેશભાઈ દેસાઈ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, અડદા ખાતે ઉપસ્થિત રહ્યા હતા અને કાર્યક્રમમાં સહભાગી બન્યા હતા. નવનિર્મિત સબસેન્ટરો દ્વારા ગ્રામ્ય વિસ્તારના લોકોને રસીકરણ, સગર્ભા માતાઓની તપાસ, માતા અને બાળ આરોગ્યની સંભાળ, વિવિધ આરોગ્યલક્ષી તપાસો, રોગચાળા



અંગે જાગૃતિ અને આરોગ્ય શિક્ષણ જેવી મહત્ત્વપૂર્ણ સેવાઓનો લાભ સ્થાનિક સ્તરે મળી શકશે. આ સુવિધાઓથી પ્રાથમિક આરોગ્ય સેવાઓની પહોંચ વધશે અને સમયસર તપાસ તથા આરોગ્યલક્ષી માર્ગદર્શન ઉપલબ્ધ બનશે. આરોગ્ય સંસ્થાઓનું નિર્માણ અને આધુનિક સુવિધાઓનો વિકાસ એ સ્વસ્થ અને સમૃદ્ધ સમાજના નિર્માણ માટેનું મહત્ત્વપૂર્ણ રોકાણ છે. ગ્રામ્ય વિસ્તારોમાં સબ સેન્ટરોની સુવિધા વધવાથી માતા અને બાળ આરોગ્યની સંભાળ, રસીકરણ અને રોગોના વહેલા નિદાનને પ્રોત્સાહન મળશે. આરોગ્ય સેવાઓ ઘરઆંગણે ઉપલબ્ધ થવાથી સામાન્ય નાગરિકોના સમય અને મુસાફરીના ખર્ચમાં પણ ઘટાડો થઈ શકશે. ગુણવત્તાયુક્ત આરોગ્ય સેવાઓની સુલભતા વધારવાના આવા પ્રયાસો સ્વસ્થ ગામ, સ્વસ્થ પરિવાર અને સ્વસ્થ ગુજરાતના નિર્માણમાં યોગદાન આપશે.

# નવસારી જિલ્લામાં ૩૦મી ઓક્ટોબરે 'પી.એમ. કિસાન ઉત્સવ દિવસ' અને ૩૧મી ઓક્ટોબરે 'રાષ્ટ્રીય એકતા દિવસ'ની ભવ્ય ઉજવણી કરાશે

**તા.૩૦મીએ જિલ્લાની તમામ જિલ્લા પંચાયતની સીટદીઠ બે સ્થળોએ પી.એમ. કિસાન ઉત્સવના કાર્યક્રમો યોજાશે**




**જિલ્લા કલેક્ટરશ્રી મનીષ ગુરવાનીની અધ્યક્ષતામાં કલેક્ટર કચેરી ખાતે કાર્યક્રમોના આયોજન અંગે સમીક્ષા બેઠક યોજાઈ**

કમલમ્,નવસારી

નવસારી જિલ્લામાં આગામી તા.૩૦ ઓક્ટોબર, ૨૦૨૬ ના રોજ 'પ્રધાનમંત્રી કિસાન ઉત્સવ દિવસ' અને તા. ૩૧ ઓક્ટોબરના રોજ 'રાષ્ટ્રીય એકતા દિવસ'ની ભવ્ય ઉજવણી કરવાનું આયોજન કરવામાં આવ્યું છે. આ બંને કાર્યક્રમોના સુચારું આયોજન, સંકલન અને તૈયારીઓ અંગે આજરોજ નવસારી જિલ્લા કલેક્ટર કચેરી ખાતે જિલ્લા કલેક્ટરશ્રી મનીષ ગુરવાનીની અધ્યક્ષતામાં બેઠક યોજાઈ હતી. બેઠકમાં સંબધિત તમામ અધિકારીઓ જોડાયા હતા. આ બેઠકમાં કલેક્ટરશ્રીએ બંને કાર્યક્રમો માટેના સ્થળ પસંદગી, આવનાર નાગરિકો તથા ખેડૂતો માટે પીવાનું પાણી, વીજળી અને વડાપ્રધાનશ્રીના કાર્યક્રમના લાઈવ સ્ટ્રીમિંગ સહિતની તમામ વ્યવસ્થાઓની ઝીણવટપૂર્વક સમીક્ષા કરી સંબંધિત અધિકારીઓને જરૂરી માર્ગદર્શક સૂચનાઓ આપી હતી. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીની પ્રેરક ઉપસ્થિતિમાં બનાસકાંઠા ખાતેથી 'પી.એમ. કિસાન સન્માન નિધિ યોજના' હેઠળ ૨૪મો હપ્તો રીલીઝ કરવામાં આવશે, જેના ભાગરૂપે નવસારી જિલ્લામાં ચીખલી ખાતે જિલ્લા કક્ષાનો મુખ્ય કાર્યક્રમ યોજાશે. આ ઉપરાંત નવસારી જિલ્લાની તમામ જિલ્લા પંચાયતની સીટદીઠ બે સ્થળોએ કિસાન ઉત્સવના કાર્યક્રમો યોજાશે. જેમાં કૃષિ, બાગાયત, સહકારી મંડળીઓ, પેકસના સભ્યો, કિસાન સહકારી મંડળીઓ, ગ્રામ પંચાયતના સભ્યો, કિસાન વિકાસ કેન્દ્ર અને ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિના સભ્યો સહિતના લાભાર્થીઓ મોટી સંખ્યામાં જોડાશે. આ પ્રસંગે ખેડૂતોને ખેતીલક્ષી સહાય વિતરણ, આધુનિક ખેતી પદ્ધતિઓ અને પ્રાકૃતિક કૃષિ અંગે માર્ગદર્શન તેમજ પ્રદર્શન સ્ટોલ્સનું આયોજન કરવામાં આવશે. તા.૩૧મી ઓકટોમ્બરે લોહપુરુષ સરદાર વલ્લભભાઈ પટેલના જન્મદિવસ નિમિત્તે જિલ્લાના પ્રત્યેક ગામ અને નગરપાલિકા કક્ષાએ 'રાષ્ટ્રીય એકતા દિવસ'ની ઉજવણી કરવામાં આવશે. આ પ્રસંગે દેશભક્તિના સૂત્રો, બેનરો અને દેશભક્તિના ગીતોના નાદ સાથે 'એકતા યાત્રા' યોજાશે. આ અવસરે પ્રગતિશીલ ખેડૂતો, સમાજ સેવકો, વનરક્ષકો, આરોગ્યકર્મીઓ અને શિક્ષકો સહિતના વિશિષ્ટ વ્યક્તિઓનું સન્માન કરવામાં આવશે. રાષ્ટ્રીય એકતા, અખંડિતતા અને સામાજિક સમરસતાનો સંદેશ સમાજના પ્રત્યેક વર્ગ સુધી પહોંચે તે હેતુસર યોજાનાર આ બંને મહત્ત્વપૂર્ણ કાર્યક્રમોમાં નવસારી જિલ્લાના તમામ નાગરિકો અને ખેડૂત ભાઈ-બહેનોને ઉત્સાહભેર સહભાગી થવા જિલ્લા વહીવટીતંત્ર અને ખેતીવાડી વિભાગ દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે.

## તંત્રી સ્થાનેથી......

ગુજરાતના વ્યારા વન વિભાગ દ્વારા અમલમાં મૂકવામાં આવેલો 'વનશ્રી મોડેલ' આદિવાસી વિસ્તારોમાં મહિલા સશક્તિકરણ, સ્થાનિક ઉત્પાદનોના વેચાણ અને પર્યટનઆધારિત રોજગારીનું સફળ ઉદાહરણ બની રહ્યો છે. વન પર્યટનને સ્થાનિક લોકોની આજીવિકા સાથે જોડીને વિકસાવવામાં આવેલા આ મોડેલ હેઠળ ચાર વનશ્રી રેસ્ટોરાં કાર્યરત છે, જેનું સંયુક્ત વાર્ષિક ટર્નઓવર રૂ. ૧ કરોડથી વધુ છે. આ પહેલથી ૫૦થી વધુ સ્થાનિક મહિલાઓ સીધી રીતે જોડાયેલી છે, જ્યારે પ્રત્યક્ષ અને પરોક્ષ રોજગારી મારફતે આશરે ૧૦૦ પરિવારોને લાભ મળી રહ્યો છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શનમાં તેમજ વન મંત્રી શ્રી અર્જુન મોઢવાડીયા તેમજ રાજ્ય વન મંત્રી શ્રી પ્રવિણ માળીના નેતૃત્વમાં વન, માનવ અને સમૃદ્ધિને જોડતા આ અનોખા મોડેલ થકી આજે આદિવાસી મહિલાઓ મજૂરીમાંથી મુક્ત થઈ સ્થાનિક અર્થતંત્રના મુખ્ય પ્રવાહમાં ઉદ્યોગસાહસિક તરીકે ઉભરી આવી છે. સુરત વન વર્તુળનાં વન સંરક્ષક પુનિત નૈય્યરે (IFS) જણાવ્યું કે, સુરત વન વર્તુળ હેઠળ આવતા વ્યારા વન વિભાગમાં કાર્યરત ચાર 'વનશ્રી' રેસ્ટોરન્ટોનું સ્થાનિક મહિલા સ્વસહાય જૂથો સંચાલન કરે છે. આ રેસ્ટોરન્ટોમાં મુલાકાતીઓને નાગલીના રોટલા, પરંપરાગત કઠોળ, નાગલીના લાડુ સહિતની સ્થાનિક વાનગીઓ પીરસવામાં આવે છે. આ રેસ્ટોરન્ટો આદિવાસી સમુદાયની પરંપરાગત વાનગીઓને પ્રોત્સાહન આપે છે અને સ્થાનિક મહિલાઓને સ્વરોજગારની તક પણ આપે છે,''. વ્યારા વન વિભાગનાં નાયબ વનસંરક્ષક સચિન ગુપ્તા (IFS)એ જણાવ્યું કે, ''વનશ્રી'' મોડેલ આદિવાસી મહિલાઓનાં સશક્તીકરણનું પ્રતીક બન્યું છે. અહીં તેમને રોજગારીની સાથે સાથે બિઝનેસ લીડરની તાલીમ પણ મળે છે. જે મહિલાઓ એક સમયે મજુરી કરતી હતી તે હવે સ્વતંત્ર રીતે બિઝનેસ મોડેલ ચલાવે છે. આજે સ્વસહાય જૂથો-સખી મંડળ દ્વારા આ મહિલાઓ પોતાની રેસ્ટોરન્ટો અને બિઝનેસનું સફળ સંચાલન કરી રહી છે. આ મોડેલે તેમના જીવનમાં સ્થિરતા, આત્મસન્માન અને નિર્ણય લેવાની ક્ષમતા આપી છે,''. નાણાકીય સુરક્ષા અને સન્માનની સાથે સ્થિર માસિક આવક મળવાથી આદિવાસી પરિવારો પોતાના બાળકોને ઉચ્ચ માધ્યમિક શાળાઓ અને કોલેજોમાં અભ્યાસ માટે મોકલી રહ્યા છે. એટલું જ નહીં પણ નાણાકીય આત્મનિર્ભરતાને પરિણામે તબીબી કટોકટી વખતે અન્ય પર નિર્ભર રહેવું પડતું નથી અને પરિવારો માટે સમયસર સારવાર શક્ય બની છે. આ રેસ્ટોરન્ટોથી સાથે આ મહિલાઓ સ્થાનિક ખેત-પેદાશોનું વેચણ પણ કરે છે અને આવક મેળવે છે.

# ડ્રગ્સ મુક્ત ભારતના સંકલ્પ સાથે ૧૪,૦૦૦ કિલોમીટરની મોટરસાઈકલ રેલીનું એકતાનગર ખાતે આગમન

## ૪૫ રાજ્યો, કેન્દ્રશાસિત પ્રદેશો, કેન્દ્રીય દળો અને સંસ્થાઓના ૨૨૫ રાઇડરો દ્વારા યુવાનોને નશામુક્તિનો સંદેશ







૨૧ ઓક્ટોબરના નવી દિલ્હીમાં કેન્દ્રીય ગૃહ મંત્રીશ્રીએ ૧૮ ટીમોના ૯૦ રાઇડરોને લીલી ઝંડી આપી રવાના કર્યા હતા

કમલમ્, નર્મદા

'ફાઇટ અગેઇન્સ્ટ ડ્રગ્સ' એટલે કે નશા વિરુદ્ધ જનજાગૃતિનો સંદેશ લઈને દેશના વિવિધ ખૂણાઓ અને રાજધાનીઓમાંથી નીકળેલી વિશાળ મોટરસાઈકલ રેલી આજે એકતાનગર ખાતે પહોંચી છે. દેશના વિવિધ રાજ્યો, કેન્દ્રશાસિત પ્રદેશો, કેન્દ્રીય દળો અને કેન્દ્રીય સંસ્થાઓના પ્રતિનિધિત્વ સાથે આગળ વધી રહેલી આ રેલી આશરે ૧૪,૦૦૦ કિલોમીટરનો પ્રવાસ ખેડીને દેશના યુવાનોને નશાના દૂષણથી દૂર રહેવા અને જીવનમાં સાચો માર્ગ પસંદ કરવા પ્રેરિત કરી રહી છે.

દેશની ધમનીઓમાં રક્તની જેમ વહેતી આ રેલી માત્ર મોટરસાઈકલ યાત્રા નથી, પરંતુ ભારતના ભવિષ્યના ઘડવૈયા એવા યુવાનોમાં ડ્રગ્સના દુષ્પરિણામો અંગે જાગૃતિ ફેલાવતું એક રાષ્ટ્રવ્યાપી અભિયાન છે. દેશના વિવિધ વિસ્તારોમાંથી નીકળેલા સવારો એક જ હેતુ અને સંકલ્પ સાથે જોડાઈને નશામુક્ત ભારતનો સંદેશ જનજન સુધી પહોંચાડી રહ્યા છે.

આ રેલીનો પ્રથમ ફ્લેગ-ઓફ ૬ ઓક્ટોબરના રોજ ઈમ્ફાલ અને આઈઝોલથી કરવામાં આવ્યો હતો. ત્યારબાદ ઉત્તર-પૂર્વના વિવિધ રાજ્યો, લેહના ઠંડા પર્વતીય વિસ્તારો તેમજ દૂર દક્ષિણના દ્વીપીય પ્રદેશોમાંથી શરૂ થયેલી ટીમો તબક્કાવાર આ અભિયાનમાં જોડાતી ગઈ હતી.

અલગ-અલગ દિશાઓમાંથી આગળ વધેલી આ ટીમો આજે એક વિશાળ રાષ્ટ્રીય અભિયાનના સ્વરૂપમાં એકત્રિત થઈ છે. આ રેલીમાં કુલ ૨૨૫ રાઈડરો સામેલ છે, જેમાં ૧૨ મહિલા રાઈડરોનો પણ સમાવેશ થાય છે. વિવિધ રાજ્યો અને સંસ્થાઓના પ્રતીકો સાથે આગળ વધી રહેલા આ રાઈડરો ભારતની વિવિધતામાં એકતા, રાષ્ટ્રીય અખંડિતતા અને સામૂહિક સંકલ્પનું જીવંત પ્રતીક છે. આ ભાવના સરદાર વલ્લભભાઈ પટેલે કલ્પેલા અખંડ ભારતના સ્વપ્નને પણ પ્રતિબિંબિત કરે છે. આ અભિયાનને વધુ વેગ આપવા માટે ૨૧ ઓક્ટોબરના રોજ નવી દિલ્હીમાં કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી શ્રી અમિત શાહે ભવ્ય સમારોહમાં ૧૮ ટીમોના ૯૦ સવારોને લીલી ઝંડી આપી રવાના કર્યા હતા. પ્રવાસ દરમિયાન રેલી અનેક શહેરો અને જિલ્લાઓમાંથી પસાર થઈ છે. વિવિધ શાળાઓમાં વિદ્યાર્થીઓ સાથે સંવાદ સાધીને ડ્રગ્સના જોખમો, નશાની લતથી થતા શારીરિક, માનસિક અને સામાજિક નુકસાન તથા નશાથી દૂર રહી સકારાત્મક જીવન ઘડવાના મહત્ત્વ અંગે જાગૃતિ ફેલાવવામાં આવી રહી છે.

આ રેલીનો મુખ્ય ઉદ્દેશ યુવાનોને નશાના દુષ્ચક્રથી દૂર રાખવા, તેમને સ્વસ્થ અને જવાબદાર જીવન તરફ પ્રેરિત કરવા તથા સમાજમાં નશામુક્તિ અંગે સામૂહિક જાગૃતિ ઊભી કરવાનો છે. દેશના વિવિધ પ્રદેશોના રાઈડરોને એક મંચ પર લાવતી આ યાત્રા રાષ્ટ્રીય એકતા સાથે સામાજિક જવાબદારીનો પણ મજબૂત સંદેશ આપી રહી છે.

# 'મહાત્મા ગાંધી રાષ્ટ્રીય સેવાસન્માન-૨૦૨૬' થી ડૉ. વિજયકુમાર ગઢવી સન્માનિત

## વિકસિત ભારતના સંકલ્પ, ગુણવત્તાયુક્ત શિક્ષણ અને રાષ્ટ્રનિર્માણના મૂલ્યોને સમર્પિત યોગદાનની નોંધ લેવાઈ



કમલમ્, ગાંધીનગર

વિકસિત ભારતના નિર્માણમાં શિક્ષણ, સંશોધન, ટેક્નોલોજી અને સામાજિક જવાબદારીની ભૂમિકા અત્યંત મહત્ત્વપૂર્ણ છે. આ જ ભાવનાને અનુરૂપ, સ્વર્ણિમ સ્ટાર્ટઅપ એન્ડ ઈનોવેશન યુનિવર્સિટીની સ્વર્ણિમ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેક્નોલોજીના કમ્પ્યુટર વિભાગના પ્રોફેસર અને વિભાગાધ્યક્ષ ડૉ. વિજયકુમાર ગઢવીને 'મહાત્મા ગાંધી રાષ્ટ્રીય સેવા સન્માન-૨૦૨૬'થી સન્માનિત કરવામાં આવ્યા છે. આ સન્માન મહાત્મા ગાંધી નેશનલ સેવા એન્ડ પીસ એસોસિએશન દ્વારા એનાયત કરવામાં આવ્યું છે. શિક્ષણ અને સંશોધન ક્ષેત્રે કાર્યરત ડૉ. ગઢવી વિદ્યાર્થીઓમાં વૈજ્ઞાનિક અભિગમ, નવીન વિચારસરણી અને ટેક્નોલોજી આધારિત કૌશલ્યોના વિકાસ માટે માર્ગદર્શન પૂરું પાડે છે. આજના ડિજિટલ યુગમાં જ્ઞાન, સંશોધન અને નવીનતાના સમન્વયથી યુવા પ્રતિભાઓને સક્ષમ બનાવવાની દિશામાં શૈક્ષણિક નેતૃત્વનું વિશેષ મહત્ત્વ છે. 'વિકસિત ભારત ૨૦૪૭'ના રાષ્ટ્રીય સંકલ્પ સાથે સુસંગત રીતે, ગુણવત્તાયુક્ત શિક્ષણ, સંશોધન, નૈતિક મૂલ્યો અને જવાબદાર નાગરિકતાને પ્રોત્સાહન આપતા પ્રયાસો દેશના સર્વાંગી વિકાસનો પાયો મજબૂત બનાવે છે. ડૉ. ગઢવીને મળેલું આ સન્માન શિક્ષણ અને ટેક્નોલોજીના ક્ષેત્રમાં તેમની ભૂમિકા તથા વિદ્યાર્થીઓના ભાવિ ઘડતરમાં તેમના યોગદાનને બિરદાવતી સિદ્ધિ છે. આ સન્માનથી શૈક્ષણિક ક્ષેત્રે નવીનતા, સામાજિક સંવેદનશીલતા અને રાષ્ટ્રપ્રત્યેની જવાબદારી સાથે કાર્ય કરવાની ભાવનાને વધુ પ્રોત્સાહન મળશે.

# સ્પેક એમ.બી.એ, બાકરોલ ખાતે વર્કશોપનું સફળ આયોજન









કમલમ્,

તિરૂપતિ ફાઉન્ડેશન ટ્રસ્ટ સંચાલિત સરદાર પટેલ એજ્યુકેશન કેમ્પસ (સ્પેક) સ્થિત સરદાર પટેલ કોલેજ ઓફ એડમિનિસ્ટ્રેશન એન્ડ મેનેજમેન્ટ – એમ.બી.એ. (SPCAM–MBA), બાકરોલ ખાતે વિદ્યાર્થીઓ માટે "Developing Workplace Communication Skills: A Foundation for Future Managers" વિષય પર વર્કશોપનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓમાં અસરકારક સંવાદ કૌશલ્ય, આત્મવિશ્વાસ, વ્યવસાયિક શિષ્ટાચાર તથા કાર્યસ્થળ માટે જરૂરી કૌશલ્યો વિકસાવી તેમને ભવિષ્યમાં સફળ મેનેજર તરીકે તૈયાર કરવાનો હતો. કાર્યક્રમનું આયોજન કોલેજના ડિરેક્ટર, આઈ.ક્યુ.એ.સી. કો-ઓર્ડિનેટર તથા પ્લેસમેન્ટ સેલ કો-ઓર્ડિનેટરના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું. આ વર્કશોપમાં મુખ્ય વક્તા તરીકે ડૉ. કલ્પેશ વી. ગોહિલ (ઈન્ચાર્જ આચાર્યશ્રી તથા આઈ.ક્યુ.એ.સી. કો-ઓર્ડિનેટર, સરદાર પટેલ કોલેજ ઓફ એડમિનિસ્ટ્રેશન એન્ડ મેનેજમેન્ટ (SPCAM) દ્વારા વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. તેમણે કાર્યસ્થળ પર અસરકારક સંવાદનું મહત્ત્વ, આત્મવિશ્વાસપૂર્વક વાતચીત કરવાની રીત, વ્યવસાયિક શિષ્ટાચાર તથા કાર્યસ્થળ માટેની તૈયારી અંગે ઉપયોગી માહિતી આપી હતી. સાથે જ વિદ્યાર્થીઓની શ્રવણકુશળતા (Listening Skills) વિકસાવવા માટે રસપ્રદ અને સંવાદાત્મક પ્રવૃત્તિનું આયોજન કર્યું હતું. આ પ્રવૃત્તિ દ્વારા વિદ્યાર્થીઓને ધ્યાનપૂર્વક સાંભળવાની, અન્ય વ્યક્તિના વિચારોને સમજવાની તથા અસરકારક સંવાદ સ્થાપિત કરવાની પ્રાયોગિક સમજ આપવામાં આવી હતી. વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. આ વર્કશોપ વિદ્યાર્થીઓના વ્યક્તિત્વ વિકાસ, વ્યવસાયિક કૌશલ્યો તથા કારકિર્દીલક્ષી તૈયારી માટે જ્ઞાનવર્ધક અને ઉપયોગી સાબિત થયો હતો. આ કાર્યક્રમના સફળ આયોજન બદલ સંસ્થાના સેક્રેટરીશ્રી શીતલ પટેલ તેમજ તમામ ટ્રસ્ટીશ્રીઓ અને સ્પેક મેનેજમેન્ટ દ્વારા શુભેચ્છા પાઠવવામાં આવી હતી.

# દેશના યશસ્વી પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના સ્વર્ગસ્થ પિતાશ્રી અંગે કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેની અસભ્ય ટિપ્પણીના વિરોધમાં ગાંધીનગરમાં ભાજપા દ્વારા ઉગ્ર વિરોધ પ્રદર્શન યોજાયું

## ગાંધીનગરના ઘ-૫ સર્કલથી શહેર કોંગ્રેસ કાર્યાલય સુધી યોજાયું વિરોધ પ્રદર્શન, ઉગ્ર સૂત્રોચ્ચાર દ્વારા કોંગ્રેસ અધ્યક્ષના કૃત્યને વખોડવામાં આવ્યું

**પ્રદેશ સહ પ્રભારી શ્રી અજય મહાવરજી, પ્રદેશ મહામંત્રી શ્રી અજયભાઈ બ્રહ્મભટ્ટ, પ્રદેશ મહામંત્રી શ્રી હિતેન્દ્રસિંહ ચૌહાણ, પ્રદેશ યુવા મોરચાના અધ્યક્ષ ડો. નરેશભાઈ દેસાઈ, શહેર ભાજપા અધ્યક્ષ ડો. આશિષકુમાર દવે, ધારાસભ્ય રીટાબેન પટેલ સહિત ભાજપા આગેવાનો અને કાર્યકરો વિરોધ પ્રદર્શનમાં જોડાયા**



કમલમ્,

દેશના યશસ્વી પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના સ્વર્ગસ્થ પિતાશ્રી અંગે કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષ શ્રી મલ્લિકાર્જુન ખડગે દ્વારા કરવામાં આવેલી અસભ્ય અને નિંદનીય ટિપ્પણીના વિરોધમાં આજે ગાંધીનગર ખાતે ભારતીય જનતા પાર્ટી દ્વારા ઉગ્ર વિરોધ પ્રદર્શન યોજવામાં આવ્યું હતું. ગાંધીનગરના ઘ-૫ સર્કલથી શરૂ થયેલું આ વિરોધ પ્રદર્શન શહેર કોંગ્રેસ કાર્યાલય સુધી પહોંચ્યું હતું, જ્યાં ઉગ્ર સૂત્રોચ્ચાર દ્વારા માફીની માંગ સાથે કોંગ્રેસ અધ્યક્ષના કૃત્યને વખોડવામાં આવ્યું હતું. આ વિરોધ પ્રદર્શનમાં પ્રદેશ સહપ્રભારી શ્રી અજય મહાવરજી, પ્રદેશ મહામંત્રી શ્રી અજયભાઈ બ્રહ્મભટ્ટ, પ્રદેશ મહામંત્રી શ્રી હિતેન્દ્રસિંહ ચૌહાણ, પ્રદેશ યુવા મોરચાના અધ્યક્ષ ડૉ. નરેશભાઈ દેસાઈ, ગાંધીનગર શહેર ભાજપા અધ્યક્ષ ડૉ. આશિષકુમાર દવે, ધારાસભ્ય રીટાબેન પટેલ સહિત સંગઠનના પદાધિકારીઓ, ચૂંટાયેલા જનપ્રતિનિધિઓ અને કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા.

# મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલનાં નેતૃત્વમાં રાજયનાં યાત્રાધામોમાં 'પ્રસાદ સાથે પ્રકૃતિનું જતન' થશે

## સોમનાથ મંદિર ખાતે સફળ ઇકો-ફ્રેન્ડલી પ્રસાદ પેકેજિંગ મોડેલને હવે અંબાજી મંદિરમાં અપનાવાશે



કમલમ્, ગાંધીનગર

શ્રી સોમનાથ મંદિર ખાતે ઈકો-ફ્રેન્ડલી પ્રસાદ પેકેજિંગની સફળતા બાદ ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ (GPCB) હવે આ મોડેલને શ્રી આરાસુરી અંબાજી માતા મંદિરમાં ટૂંક સમયમાં અમલમાં મૂકશે. આ પહેલનો હેતુ મંદિરમાં ધરાવવામાં આવતા પ્રસાદનાં પેકેજિંગમાંથી સિંગલ-યુઝ્ડ પ્લાસ્ટિકનો ઉપયોગ ઘટાડવાનો છે. ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ (GPCB) દ્વારા અમદાવાદની નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ડિઝાઈન (NID) પાસે તૈયાર કરવામાં આવેલા વિકલ્પોમાં શેરડીનાં વેસ્ટમાંથી બનાવવામાં આવેલા કન્ટેનર અને ફરીથી ઉપયોગમાં લઈ શકાય તેવા ટીનનાં કન્ટેનર્સનો સમાવેશ થાય છે. આ પહેલનો હેતુ પ્લાસ્ટિક વેસ્ટને દૂર કરી યાત્રાધામોમાં ઈકો-ફ્રેન્ડલી વ્યવસ્થાપનને પ્રોત્સાહન આપવાનો છે. સાથે જ, પ્રસાદ વિતરણની પરંપરાના સાંસ્કૃતિક અને આધ્યાત્મિક મહત્ત્વને જાળવી રાખવાનો પણ પ્રયાસ છે. આ પહેલ પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીના પર્યાવરણ પ્રત્યે સભાન જીવનશૈલી, જવાબદાર વપરાશ અને જનભાગીદારી દ્વારા પર્યાવરણને બચાવવાનો છે. તેમના આ વિઝનને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલનાં નેતૃત્વમાં ગુજરાતભરમાં નક્કર પર્યાવરણીય પગલાંઓ થકી મુર્તિમંત કરવામા આવે છે. શ્રી સોમનાથ મંદિરમાં હવે પ્રસાદનું વિતરણ પ્લાસ્ટિકમુક્ત કાગળનાં બોક્સ અને ફરીથી ઉપયોગમાં લઈ શકાય તેવા ટીનનાં ડબ્બામાં કરવામાં આવે છે. આ નવી ઈકો-ફ્રેન્ડલી પ્રસાદ પેકેજિંગ વ્યવસ્થાનું મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે ૧૭ સપ્ટેમ્બર, ૨૦૨૬ના રોજ ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું. સોમનાથ મંદિરમાં દરરોજ આશરે ૪,૨૦૦ કિલોગ્રામ પ્રસાદનું વિતરણ લગભગ ૨૭,૭૦૦ બોક્સ દ્વારા કરવામાં આવે છે. પ્લાસ્ટિકનાં પાત્રોને દૂર કરી, ટકાઉ વિકલ્પોનો ઉપયોગ કરવાથી દર વર્ષે ૨૦૩ ટનથી વધુ પ્લાસ્ટિકનો વપરાશ અટકાવી શકાશે.

**અંબાજી મંદિરમાં સોમનાથ મોડેલનાં અમલની તૈયારી**

સોમનાથ મંદિર ખાતે મળેલી સફળતાના આધારે ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ (GPCB) શ્રી આરાસુરી અંબાજી માતા મંદિરમાં પણ આવી જ પેકેજિંગ વ્યવસ્થા અમલમાં મૂકશે. વન અને પર્યાવરણ મંત્રી શ્રી અર્જુન મોઢવાડિયાએ જણાવ્યું કે, ''અંબાજી મંદિરમાં સામાન્ય દિવસોમાં આશરે ૧૫,૦૦૦ પ્લાસ્ટિકનાં પ્રસાદ બોક્સનો ઉપયોગ થાય છે, જ્યારે તહેવારો અને વિશેષ પ્રસંગોએ તેની માંગમાં નોંધપાત્ર વધારો થાય છે. દર મહિને આશરે ૧૦ લાખ બોક્સનું વિતરણ કરવામાં આવે છે, જેના પરિણામે પેકેજિંગને કારણે અંદાજે ૧૧,૨૯૯.૫ કિલોગ્રામ પ્લાસ્ટિકનો કચરો પેદા થાય છે.'' શ્રી અર્જુન મોઢવાડિયાએ વધુમાં જણાવ્યું કે, ''પ્રસાદ વિતરણમાં ઈકો-ફ્રેન્ડલી વિકલ્પો અપનાવવાથી અંબાજીમાં દર વર્ષે આશરે ૧૩૫.૬ ટન પ્લાસ્ટિકના કચરાને અટકાવી શકાશે. આ પેકેજિંગ વિકલ્પો પ્રસાદ વિતરણ માટે જરૂરી સ્વચ્છતા, કાર્યક્ષમતા અને સુવિધા જાળવી રાખવાની સાથે તેની સાંસ્કૃતિક ઓળખને પણ જાળવવા માટે તૈયાર કરવામાં આવ્યા છે.'' ધાર્મિક સંસ્થાઓ લોકોના વર્તનને પ્રભાવિત કરવાની ક્ષમતા ધરાવે છે તે બાબતને ધ્યાનમાં રાખીને GPCBએ પ્રસાદ ધરવાની અને લઈ જવાની પરંપરાગત પદ્ધતિમાં પર્યાવરણીય જવાબદારીને કેવી રીતે સામેલ કરી શકાય તે અંગે અભ્યાસ કર્યો હતો. આ પહેલનો હેતુ પરંપરાગત પ્લાસ્ટિકનાં પાત્રોને એવા પેકેજિંગથી બદલવાનો છે, જે પર્યાવરણને અનુકૂળ, સાંસ્કૃતિક રીતે યોગ્ય અને મંદિરની કામગીરી માટે વ્યવહારુ હોય.

**NID દ્વારા પર્યાવરણમિત્ર પેકેજિંગ વિકલ્પો તૈયાર**

યોગ્ય વિકલ્પો વિકસાવવા માટે GPCBએ અમદાવાદની નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઑફ ડિઝાઈન (NID)ની ઈન્ટિગ્રેટેડ ડિઝાઈન સર્વિસિસની વ્યાવસાયિક ડિઝાઈન કન્સલ્ટન્સી હેઠળ મદદ લીધી હતી. શ્રી સોમનાથ મંદિર અને શ્રી આરાસુરી અંબાજી માતા મંદિરમાં સ્થળ પર અભ્યાસ હાથ ધરવામાં આવ્યો હતો. આ અભ્યાસમાં શ્રદ્ધાળુઓની અવરજવર, પ્રસાદનો જથ્થો, પ્રસાદ બનાવવાની અને પેક કરવાની પ્રક્રિયા, સંગ્રહની સ્થિતિ, વિતરણની પદ્ધતિઓ તથા હાલની કચરા ઉત્પન્ન થવાની સ્થિતિનું મૂલ્યાંકન કરવામાં આવ્યું હતું. અભ્યાસમાં જાણવા મળ્યું કે તમામ જરૂરિયાતો માટે એક જ પ્રકારનું પેકેજિંગ યોગ્ય ન બની શકે. તાત્કાલિક ઉપયોગ માટેના પ્રસાદ માટે હલકાં અને જૈવવિઘટનક્ષમ પેકેજિંગની જરૂર હતી, જ્યારે ઘરે લઈ જવામાં આવતા અથવા લાંબા અંતર સુધી લઈ જવામાં આવતા પ્રસાદ માટે વધુ મજબૂત અને ટકાઉ પાત્રોની આવશ્યકતા હતી. આથી તાત્કાલિક ઉપયોગ, સામાન્ય રીતે ઘરે લઈ જવા અને વારંવાર ઉપયોગમાં લઈ શકાય તેવા પેકેજિંગ માટે અલગ-અલગ વિકલ્પો તૈયાર કરવામાં આવ્યા હતા. આ પ્રક્રિયાના પરિણામે પ્લાસ્ટિકમુક્ત કાગળનાં બોક્સ, મોલ્ડેડ શેરડીના બગાસનાં કન્ટેનર અને ફરીથી ઉપયોગમાં લઈ શકાય તેવા ટીનનાં ડબ્બા સહિતના વિકલ્પો તૈયાર કરવામાં આવ્યા હતા. કાગળ અને બગાસમાંથી બનાવવામાં આવેલા પેકેજિંગનો ટૂંકા ગાળાના ઉપયોગ બાદ પર્યાવરણને અનુકૂળ રીતે નિકાલ કરી શકાય તે રીતે વિકાસ કરવામાં આવ્યો છે, જ્યારે ટીનનાં ડબ્બા ટકાઉ પાત્રો તરીકે તૈયાર કરવામાં આવ્યા છે, જેને શ્રદ્ધાળુઓ પોતાની પાસે રાખીને ફરીથી ઉપયોગમાં લઈ શકે છે. વન અને પર્યાવરણ રાજ્યમંત્રી શ્રી પ્રવીણ માળીએ જણાવ્યું કે, ''પરંપરાગત પેકેજિંગને માત્ર બદલવા પૂરતી આ પહેલ મર્યાદિત નથી, પરંતુ તેનો હેતુ પર્યાવરણીય જવાબદારીને ધાર્મિક આચરણનો અભિન્ન હિસ્સો બનાવવાનો છે. અગ્રણી યાત્રાધામોમાં જૈવવિઘટનક્ષમ અને ફરીથી ઉપયોગમાં લઈ શકાય તેવા વિકલ્પો રજૂ કરીને GPCB એ દર્શાવવા માગે છે કે વિચારપૂર્વકની ડિઝાઈન, સંસ્થાકીય પગલાં અને જનભાગીદારી દ્વારા પર્યાવરણને નોંધપાત્ર લાભ પહોંચાડી શકાય છે.'' આ પહેલ શ્રદ્ધાળુઓને વધુ ટકાઉ પદ્ધતિઓ અપનાવવા માટે પ્રોત્સાહિત કરવાની સાથે ધાર્મિક પરંપરાઓ પર્યાવરણ સંરક્ષણમાં કેવી રીતે યોગદાન આપી શકે છે તે પણ દર્શાવે છે.

# મિશન મંગલમ અને DRDAની સાર્થક પહેલ: ગાંધીનગરના ડભોડા ગામે સખી મંડળની બહેનો માટે અમૂલ પાર્લરની શરૂઆત



કમલમ્,

ગુજરાત સરકારના ગ્રામીણ વિકાસ વિભાગ હસ્તક કાર્યરત જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી અને મિશન મંગલમ યોજના ગ્રામ્ય વિસ્તારોમાં મહિલા સશક્તિકરણ માટે સીમાચિહ્નરૂપ સાબિત થઈ રહી છે. આ યોજનાઓ દ્વારા ગ્રામીણ મહિલાઓને સખી મંડળો સાથે જોડીને નાણાકીય સહાય, કૌશલ્યવર્ધન તાલીમ અને પ્રોત્સાહન પૂરું પાડવામાં આવે છે, જેથી બહેનો લઘુ ઉદ્યોગો અને વ્યવસાયો શરૂ કરીને પોતાના પરિવારને આર્થિક સહારો આપી શકે અને આત્મનિર્ભર બની શકે. જે અંતર્ગત ગાંધીનગર જિલ્લાના ડભોડા ગામે જય બાબરી મિશન મંગલમ અંતર્ગત શરૂ કરવામાં આવેલા અમૂલ પાર્લરનું ઉદ્ઘાટન તા. ૨૬ ઓક્ટોબરના રોજ કરવામાં આવ્યું છે. આ પહેલનો મુખ્ય હેતુ ગ્રામ્ય વિસ્તારની મહિલાઓને આર્થિક રીતે સશક્ત બનાવવાનો, સ્વરોજગારીની તકો ઊભી કરવાનો તથા સખી મંડળની બહેનોને આજીવિકાની પ્રવૃત્તિઓ સાથે જોડવાનો છે. અમૂલ પાર્લરના માધ્યમથી સ્થાનિક સ્તરે રોજગારીની તક ઊભી થશે અને મહિલાઓ આત્મનિર્ભર બનવા તરફ આગળ વધશે. આ પ્રસંગે ઉપસ્થિત મહાનુભાવોએ સખી મંડળની બહેનોને શુભેચ્છાઓ પાઠવી હતી અને આવી આજીવિકાલક્ષી પ્રવૃત્તિઓ દ્વારા મહિલાઓના આર્થિક વિકાસને પ્રોત્સાહન આપવા પર ભાર મૂક્યો હતો. ઉલ્લેખનીય છે કે અમૂલ પાર્લર નું ઉદઘાટન ગામના આગેવાન શ્રી ઠાકોર ભરતસિંહના હસ્તે કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે તાલુકા વિકાસ અધિકારીશ્રી જીગરભાઈ પટેલ, તાલુકા પંચાયત સદસ્યશ્રી, સરપંચશ્રી, ગ્રામ પંચાયતના સભ્યો, જિલ્લા APMશ્રી, તાલુકાનો સ્ટાફ તેમજ સખી મંડળની બહેનો ઉપસ્થિત રહ્યા હતા.

# કડી સર્વ વિશ્વવિદ્યાલયના NSS સેલ ખાતે લક્ષ્મી (LakshMe) દ્વારા "ફાઈનાન્સિયલ વેલબીઈંગ" વિષે પર વર્કશોપ નું આયોજન



કમલમ્,

સર્વવિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત કડી સર્વવિશ્વવિદ્યાલયના NSS સેલ દ્વારા લક્ષ્મી (LakshMe) ઈનીશેટીવ ના સહયોગથી વિદ્યાર્થીઓમાં નાણાકીય સાક્ષરતા, નાણાકીય સુખાકારી અને આર્થિક આત્મનિર્ભરતા અંગે જાગૃતિ કેળવવાના ઉદ્દેશથી 'Financial Wellbeing Workshop'નું આયોજન કરવામાં આવ્યું હતું. સોમવાર, તા. ૨૬ ઑક્ટોબર, ૨૦૨૬ના રોજ સવારે ૧૧:૦૦થી બપોરે ૧:૦૦ વાગ્યા સુધી ગાંધીનગરના સેક્ટર-૨૩ સ્થિત બ્રહ્માણી કૃપા હોલ ખાતે યોજાયેલી આ કાર્યશાળામાં NSSના કુલ ૧૮૭ સ્વયંસેવકોએ ભાગ લીધો હતો. જેઓ ગાંધીનગરસ્થિત બી. પી. કોલેજ ઓફ બિઝનેસ એડમિનીસ્ટ્રેશન બીબીએ તેમજ એસ.કે. પટેલ કોલેજ ઓફ કમ્પ્યુટર સ્ટડીઝ બીબીએ કોલેજના વિદ્યાર્થીઓ છે. કાર્યશાળામાં લક્ષ્મી નાં સિનિયર પ્રોજેક્ટ મેનેજર અને નાણાકીય ક્ષેત્રનો અનુભવ ધરાવ તજજ્ઞ ટ્રેનર રચના ઓઝાએ વિદ્યાર્થીઓને નાણાકીય સુખાકારી અંગે માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. સમગ્ર કાર્યક્રમનું આયોજન અને સંકલન કડી સર્વ વિશ્વવિદ્યાલયના NSS પ્રોગ્રામ કો-ઓર્ડિનેટર ધર્મેન્દ્રસિંહ રાઠોડ દ્વારા કરવામાં આવ્યું હતું. આજના ઝડપથી બદલાતા આર્થિક અને ડિજિટલ યુગમાં નાણાકીય સાક્ષરતા એ માત્ર નાણાંની લેવડદેવડનું જ્ઞાન નથી, પરંતુ જીવનમાં યોગ્ય આર્થિક નિર્ણયો લેવા માટેની મહત્ત્વપૂર્ણ જીવનકૌશલ્ય છે. વિદ્યાર્થીઓ અભ્યાસ પૂર્ણ કરીને વ્યવસાય કે નોકરીના ક્ષેત્રમાં પ્રવેશે તે પહેલાંથી જ આવક, ખર્ચ, બચત, રોકાણ અને નાણાકીય આયોજન અંગે સમજ કેળવે તે જરૂરી છે. આ બાબતને ધ્યાનમાં રાખીને કાર્યશાળામાં યુવાનોને નાણાંનું યોગ્ય સંચાલન કરવા અને ભવિષ્યની આર્થિક જરૂરિયાતો માટે સુવ્યવસ્થિત આયોજન કરવાની દિશામાં પ્રેરિત કરવામાં આવ્યા હતા. કાર્યશાળાના વિષયકેન્દ્રિત માર્ગદર્શનમાં નાણાકીય બજેટ બનાવવાની પદ્ધતિ, આવક અને ખર્ચ વચ્ચે સંતુલન જાળવવું, નિયમિત બચતની ટેવ વિકસાવવી, રોકાણનું મહત્ત્વ સમજવું, નાણાકીય લક્ષ્યો નક્કી કરવા અને લાંબા ગાળાની આર્થિક સુરક્ષા માટે આયોજન કરવું જેવા મુદ્દાઓને મહત્ત્વ આપવામાં આવ્યું હતું. ખાસ કરીને વિદ્યાર્થીઓને પોતાની જરૂરિયાતો અને ઈચ્છાઓ વચ્ચેનો તફાવત સમજવાની સાથે બિનજરૂરી ખર્ચ ટાળીને ઉપલબ્ધ નાણાંનો સમજદારીપૂર્વક ઉપયોગ કરવાની દિશામાં જાગૃત કરવાનો અભિગમ આ કાર્યશાળાના મુખ્ય હેતુઓમાંનો એક હતો. નાણાકીય સુખાકારીનો અર્થ માત્ર વધુ આવક મેળવવો નહીં, પરંતુ પોતાની આવક અનુસાર જીવનશૈલી જાળવવી, અનિશ્ચિત પરિસ્થિતિઓ માટે બચત કરવી, યોગ્ય નાણાકીય લક્ષ્યો નક્કી કરવા અને માહિતીસભર નિર્ણયો દ્વારા આર્થિક સ્થિરતા પ્રાપ્ત કરવી પણ છે. યુવા અવસ્થામાં વિકસેલી બચત અને નાણાકીય આયોજનની ટેવો વ્યક્તિને ભવિષ્યમાં વધુ જવાબદાર બનાવવામાં મદદરૂપ બને છે. ડિજિટલ ચુકવણી અને ઓનલાઈન નાણાકીય વ્યવહારોના વધતા ઉપયોગને ધ્યાનમાં રાખીને નાણાકીય બાબતો અંગે સમજદારી અને સાવચેતી રાખવી પણ એટલી જ જરૂરી છે. ઉપરોક્ત મુદ્દાઓ ને ધ્યાનમાં રાખી સમગ્ર માર્ગદર્શન આપવામાં આવ્યું હતું તેમજ વિદ્યાર્થીઓની નાણાકીય સમજ વધુ સુદ્રઢ બને તેવી માઈન્ડ જેમ પણ રામદવામાં આવી હતી. દરેક તાલીમાર્થીને ઉપરોક્ત તાલીમનું પ્રમાણપત્ર પણ આપવામાં આવશે.

# સ્પેક એમ.બી.એ., બાકરોલ ખાતે પ્લેસમેન્ટટોક અને હેન્ડ્સ-ઓન ટ્રેનિંગનું સફળ આયોજન.













કમલમ્,

તિરૂપતિ ફાઉન્ડેશન ટ્રસ્ટ સંચાલિત સરદાર પટેલ એજ્યુકેશન કેમ્પસ (સ્પેક) સ્થિત સરદાર પટેલ કોલેજ ઓફ એડમિનિસ્ટ્રેશન એન્ડ મેનેજમેન્ટ – એમ.બી.એ. (SPCAM–MBA), બાકરોલ ખાતે પ્લેસમેન્ટ સેલ દ્વારા એમ.બી.એ.ના વિદ્યાર્થીઓ માટે **"Decode the Interview: From Preparation to Selection"** વિષય પર પ્લેસમેન્ટ ટોક તથા હેન્ડ્સ-ઓન ટ્રેનિંગ કાર્યક્રમનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓને ઈન્ટરવ્યૂ પ્રક્રિયા, પ્લેસમેન્ટની તૈયારી તથા જરૂરી વ્યવસાયિક કૌશલ્યો અંગે પ્રાયોગિક માર્ગદર્શન આપવાનો હતો. આ કાર્યક્રમ અગાઉ આયોજિત **"Campus to Career"** કાર્યક્રમના અભિગમને અનુરૂપ યોજવામાં આવ્યો હતો. કાર્યક્રમનું આયોજન કોલેજના ડિરેક્ટરશ્રી ડૉ. વિશાલ પાટીદાર, આઈ.ક્યુ.એ.સી. કો-ઓર્ડિનેટરશ્રી ડૉ. નૈતિક રામી તથા પ્લેસમેન્ટ સેલ કો-ઓર્ડિનેટરશ્રી ડૉ. સેલ્વી મેક્વિનના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં મુખ્ય વક્તા તરીકે શ્રીમતી અનિશા સુથારે (મિવિક્સ ઈન્ટિગ્રેશન સોલ્યુશન્સનાં એચ.આર. મેનેજર) વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપ્યું હતું. તેમણે ઈન્ટરવ્યૂ પ્રક્રિયા, નોકરીદાતાઓની અપેક્ષાઓ, ઈન્ટરવ્યૂ દરમિયાન અનુભવાતા ભય અને ચિંતાને દૂર કરવાના ઉપાયો તથા એપ્લિકન્ટ ટ્રેકિંગ સિસ્ટમ (ATS) અંગે ઉપયોગી માહિતી આપી હતી. સાથે જ રિઝ્યૂમેમાં થતી સામાન્ય ભૂલો અને તેમાં જરૂરી સુધારા, સ્વગતિએ અભ્યાસ (Self-Paced Learning), વ્યવસાયિક સંવાદકૌશલ્ય, આત્મવિશ્વાસ અને શિસ્તના મહત્ત્વ વિશે સમજ આપી હતી. હેન્ડ્સ-ઓન ટ્રેનિંગ તથા પ્રશ્નોત્તરી સત્રમાં વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લઈ પોતાની શંકાઓનું નિરાકરણ મેળવ્યું હતું. આ કાર્યક્રમ વિદ્યાર્થીઓને નોકરી તથા કારકિર્દી માટે સજ્જ બનાવવાની દિશામાં ઉપયોગી સાબિત થયો હતો. આ કાર્યક્રમના સફળ આયોજન બદલ સંસ્થાના સેક્રેટરીશ્રી શીતલ પટેલ તેમજ તમામ ટ્રસ્ટીશ્રીઓ અને સ્પેક મેનેજમેન્ટ દ્વારા શુભેચ્છા પાઠવવામાં આવી હતી.

# ભાજપા પ્રદેશ પ્રભારી શ્રી તરુણ ચૂઘજી અને પ્રદેશ અદયક્ષ શ્રી જગદીશભાઈ વિશ્વકર્માની વિશેષ ઉપસ્થિતિમાં ભાજપાની વિવિધ સંગઠનાત્મક બેઠકો યોજાઈ

## 'લોકતંત્ર બચાવો, અરાજકતા હટાવો' અભિયાનની પ્રદેશ ટીમ સાથે બેઠક યોજી માર્ગદર્શન આપતા પ્રદેશ પ્રભારી શ્રી તરુણ ચૂઘજી અને ભાજપા પ્રદેશ અધ્યક્ષ શ્રી જગદીશભાઈ વિશ્વકર્મા




### ગાંધીનગરના ખાતે આયોજિત પ્રદેશ બક્ષીપંચ મોરચાની કારોબારી બેઠકમાં આગામી સંગઠનાત્મક કાર્યક્રમોના આયોજન અંગે માર્ગદર્શન આપતા પ્રદેશ પ્રભારી શ્રી તરુણ ચૂઘજી, ભાજપા પ્રદેશ અધ્યક્ષ શ્રી જગદીશભાઈ વિશ્વકર્મા તથા પ્રદેશ સહ પ્રભારી શ્રી અજય મહાવરજી

કમલમ્,

ભાજપા પ્રદેશ પ્રભારી શ્રી તરુણ ચૂઘજી તથા ભાજપા પ્રદેશ અધ્યક્ષ શ્રી જગદીશભાઈ વિશ્વકર્માની વિશેષ ઉપસ્થિતિમાં ભાજપાની વિવિધ સંગઠનાત્મક બેઠકો યોજાઈ હતી. આ વિભિન્ન બેઠકોમાં પ્રદેશ સહ પ્રભારી શ્રી અજય મહાવરજી, પ્રદેશ સંગઠન મહામંત્રી શ્રી રત્નાકરજી, પ્રદેશ મહામંત્રીશ્રીઓ શ્રી પ્રશાંતભાઈ કોરાટ, શ્રી અજયભાઈ બ્રહ્મભટ્ટ, શ્રી હિતેન્દ્રસિંહ ચૌહાણ સહિત ભાજપા આગેવાનો ઉપસ્થિત રહ્યાં હતાં. ભાજપા પ્રદેશ કાર્યાલય 'શ્રી કમલમ', કોબા ખાતે ભાજપા પ્રદેશ પ્રભારી શ્રી તરુણ ચૂઘજી તથા ભાજપા પ્રદેશ અધ્યક્ષ શ્રી જગદીશભાઈ વિશ્વકર્માએ કોંગ્રેસ દ્વારા દેશમાં અશાંતિ અને અરાજકતા ફેલાવી દેશની સંવૈધાનિક સંસ્થાઓ સામે પાયાવિહોણા પ્રશ્નો ઊભા કરી જનતામાં ભ્રમ ફેલાવવાના કરાઈ રહેલા પ્રયાસ સામે તથ્યોને ઉજાગર કરવા ભાજપાના 'લોકતંત્ર બચાવો, અરાજકતા હટાવો' અભિયાનની પ્રદેશ ટીમ સાથે બેઠક યોજી માર્ગદર્શન આપ્યું હતું. આ ઉપરાંત તેઓએ ભાજપા પ્રદેશ કાર્યાલય ખાતે આયોજિત પ્રદેશ આદિજાતિ મોરચાની પ્રદેશ બેઠકમાં ભગવાન બિરસા મુંડાજીની ૧૫૧ મી જન્મજયંતિ નિમિત્તે આયોજિત 'જનજાતિ ગૌરવ સપ્તાહ-૨૦૨૬' અંતર્ગત ૧૧ નવેમ્બર થી ૧૮ નવેમ્બર દરમિયાન આયોજિત થનારા વિવિધ કાર્યક્રમો સંદર્ભે વિસ્તૃત માર્ગદર્શન આપ્યું હતું. આ બેઠકમાં પ્રદેશ આદિજાતિ મોરચાના અધ્યક્ષ શ્રી ગણપતભાઈ વસાવા સહિત આદિજાતિ સમાજમાંથી આવતા રાજ્ય સરકારના મંત્રીશ્રીઓ, સાંસદશ્રીઓ, ધારાસભ્યો, સંગઠનના પદાધિકારીઓ અને અપેક્ષિત કાર્યકરો ઉપસ્થિત રહ્યાં હતાં. 'જનજાતિ ગૌરવ સપ્તાહ-૨૦૨૬' અંતર્ગત જનજાતિ સ્મારકોની સફાઈ, દીપોત્સવ, ભગવાન બિરસા મુંડાને પુષ્પાંજલિ, જનજાતિય સ્વાભિમાન સંમેલનો તથા રમતગમત સ્પર્ધાઓ સહિતના કાર્યક્રમોનું આયોજન કરવામાં આવનાર છે. આ ઉપરાંત ગાંધીનગરના સેકટર -૧૨ સ્થિત ડૉ. બાબા સાહેબ આંબેડકર હોલ ખાતે પ્રદેશ બક્ષીપંચ મોરચાની કારોબારી બેઠક યોજાઈ હતી જેમાં પ્રદેશ પ્રભારી શ્રી તરુણ ચૂઘજી, પ્રદેશ અધ્યક્ષ શ્રી જગદીશભાઈ વિશ્વકર્મા તથા સહ પ્રભારી શ્રી અજય મહાવરજીએ ઉપસ્થિત રહી આગેવાનો અને કાર્યકર્તાઓ સાથે સંવાદ કરી આગામી સંગઠનાત્મક કાર્યક્રમોના આયોજન સંદર્ભે વિસ્તૃત પરામર્શ કર્યો હતો. બેઠકમાં પ્રદેશ બક્ષીપંચ મોરચાના અધ્યક્ષ શ્રી માનસિંહ પરમાર સહિત આગેવાનો અને પદાધિકારીઓ ઉપસ્થિત રહ્યાં હતાં. આજે ગુજરાત પધારેલા ભાજપા પ્રદેશ પ્રભારી શ્રી તરુણ ચુઘજીએ સવારે ગાંધીનગરના કોટેશ્વર સ્થિત કોટેશ્વર મહાદેવ મંદિરે દર્શન કરી સૌના કલ્યાણ માટે પ્રાર્થના કરી હતી.

# બનાસકાંઠામાં ગોબરમાંથી સમૃદ્ધિની હરિત ક્રાંતિ લખાઈ રહી છે: બનાસનું બાયો-સીએનજી મૉડેલ પશુપાલકો માટે બન્યું છે વરદાન

## ભારતનાં અંતરિયાળ ગામડાં નેટ ઝીરો કાર્બન ઉત્સર્જન તરફ દોરી જતી વૈશ્વિક હરિત ક્રાંતિનું નેતૃત્વ કરશેઃ અધ્યક્ષ શ્રી શંકરભાઈ ચૌધરી







## બનાસકાંઠામાં આજે ચાર બાયો સીએનજી દ્વારા દૈનિક ૩૪૦ ટન છાણનું પ્રોસેસિંગ થઈ રહ્યું છેઃ ગોબરના સદુપયોગથી ભવિષ્યમાં ૨૦૦ જેટલા પ્લાન્ટ્સ બનાવવાનું લક્ષ્યાક છે

કમલમ્, પાલનપુર

બનાસકાંઠા જિલ્લાની ધરતી પરથી વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી આગામી ૩૦મી ઓક્ટોબર ૨૦૨૬ના રોજ બનાસ ડેરીના પાંચ મોટા વિકાસ કાર્યોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરશે. પરંપરાગત ડેરી વ્યવસાયમાં વર્ષો સુધી ઉપેક્ષિત ગણાતા પશુઓના છાણ (ગોબર) ને 'અમૂલ' બ્રાન્ડ હેઠળ કાર્યરત બનાસ ડેરીએ પોતાની સર્વોચ્ચ મૂલ્યવાન અસ્કયામતમાં પરિવર્તિત કરી બતાવ્યું છે. સામાન્ય કચરો ગણાતા છાણને વાહનો માટેના સ્વચ્છ હરિત બળતણ (Bio-CNG), ઉત્કૃષ્ટ સેન્દ્રિય ખાતર અને પશુપાલક પરિવારો માટે પખવાડિક નિયમિત રોકડ આવકના સ્રોતમાં ફેરવીને સંસ્થાએ એક ક્રાંતિકારી પહેલ હાથ ધરી છે. બનાસકાંઠા જિલ્લામાં અંદાજે ૨૮ લાખ પશુધન પૈકી ૨૪ લાખ પશુઓ બનાસ ડેરી સાથે સંકળાયેલા પશુપાલકો પાસે છે, જેના થકી દૈનિક આશરે ૨૪,૦૦૦ ટન છાણનું ઉત્પાદન થાય છે. ફેબ્રુઆરી ૨૦૨૦માં ડીસાના દામા ગામથી છાણ ખરીદીની ઐતિહાસિક શરૂઆત કરી ૨૫ ઓગસ્ટ ૨૦૨૦ના રોજ દેશના સૌપ્રથમ વ્યાપારી ધોરણના ઝમ્પ આઉટલેટનો પ્રારંભ કરાયો હતો. ત્યારબાદ સુઝુકી મોટર કોર્પોરેશન અને એનડીડીબી (NDDB) સાથે થયેલા ત્રિપક્ષીય કરાર હેઠળ આગથળા, ભૂખલા અને વીંછીવાડા ખાતે પ્લાન્ટ્સ કાર્યરત કરાયા છે. હાલ ચાર પ્લાન્ટ્સ દ્વારા રોજ ૩૪૦ ટન છાણનું પ્રોસેસિંગ થઈ રહ્યું છે, જ્યારે થરાદ અને રાધનપુર ખાતે નવા પ્લાન્ટ્સ કાર્યરત થતાં આ નેટવર્કની દૈનિક ક્ષમતા ૫૧૫ મેટ્રિકટને પહોંચશે. આ મોડેલ અત્યંત પારદર્શક અને ખેડૂતલક્ષી છે. પશુપાલકો પાસેથી ખેતર પર જ વજન કરીને કિલોદીઠ આશરે રૂ. ૧ના ભાવે છાણ ખરીદવામાં આવે છે અને તેની રકમ દર પખવાડિયે દૂધના બિલ સાથે સીધી ખેડૂતોના ખાતામાં જમા થાય છે. પ્લાન્ટમાં પ્રક્રિયા બાદ તૈયાર થતો સ્વચ્છ બાયો-સીએનજી વાહનચાલકોને કિલોદીઠ રૂ. ૭૫ થી ૮૦ના રાહતદરે ઉપલબ્ધ કરાવાય છે, જ્યારે ગુજરાતમાં સામાન્ય સીએનજીનો દર આશરે રૂ. ૯૨ છે. આ ઉપરાંત, ઉપપેદાશ તરીકે મળતી સ્લરીમાંથી તૈયાર થતું ઘન અને પ્રવાહી ઓર્ગેનિક ખાતર સ્થાનિક દૂધ મંડળીઓ મારફતે "ભૂમિ અમૃત" બ્રાન્ડ હેઠળ ખેડૂતોને પરત પૂરું પાડવામાં આવે છે, જે જમીનની ગુણવત્તા સુધારે છે. પર્યાવરણીય દ્રષ્ટિએ, ખુલ્લામાં સડતા છાણમાંથી ઉત્સર્જિત થતો મિથેન વાયુ વાતાવરણમાં ગ્લોબલ વોર્મિંગ માટે જવાબદાર છે, જેની સામે આ પ્લાન્ટ્સ હાનિકારક વાયુને કેપ્ચર કરીને સ્વચ્છ ઊર્જામાં રૂપાંતરિત કરે છે. રાષ્ટ્રહિતને સર્વોપરી રાખીને બનાસ ડેરીએ ગાયના છાણની દુબઈ નિકાસ કરવાની આકર્ષક ઓફર નકારી કાઢીને આ દેશી સંસાધનનો લાભ ભારતીય ધરતી અને ખેડૂતોને જ આપવાનો મક્કમ નિર્ણય લીધો છે. સમગ્ર જિલ્લાના પશુધનના સદુપયોગથી ભવિષ્યમાં ૨૦૦ જેટલા પ્લાન્ટ્સ દ્વારા વાર્ષિક ૧,૧૬૮ લાખ કિલો કમ્પ્રેસ્ડ બાયોગેસનું ઉત્પાદન અને પશુપાલકોને વાર્ષિક ૮૭૫ કરોડનું સીધું આર્થિક વળતર મળવાનો અંદાજ છે. આ સફળતાના પાયા પર ભારત અને જાપાન વચ્ચે સમગ્ર દેશમાં ૧,૦૦૦ બાયોગેસ પ્લાન્ટ્સ સ્થાપવા માટે 'જાપાન-ઈન્ડિયા કો-ઓપરેટિવ બાયોગેસ ઈનિશિયેટિવ'નો પણ પ્રારંભ થયો છે. વિધાનસભાના અધ્યક્ષ અને બનાસ ડેરીના ચેરમેનશ્રી શંકરભાઈ ચૌધરીએ જણાવ્યું હતું કે, સંસ્થાનું લક્ષ્ય માત્ર દૂધ સંપાદન પૂરતું મર્યાદિત નથી, પરંતુ સ્વચ્છ હરિત ઊર્જાને ગ્રામીણ આજીવિકા સાથે સાંકળી પશુપાલકોનું ભવિષ્ય સુરક્ષિત બનાવવાનું છે. આ પહેલ થકી ભારતનાં અંતરિયાળ ગામડાં દેશને 'નેટ ઝીરો' કાર્બન ઉત્સર્જન તરફ લઈ જતી વૈશ્વિક હરિત ક્રાંતિનું નેતૃત્વ કરશે. વડાપ્રધાનશ્રીના આત્મનિર્ભર ભારતના વિઝનને સાકાર કરતો આ પ્રકલ્પ પશુપાલકોને વધારાની આવક, ગામડાંમાં સ્વચ્છતા, સસ્તું વાહન બળતણ, સેન્દ્રિય ખાતર અને સ્થાનિક સ્તરે નવી રોજગારી આપતું 'પંચમુખી પરિવર્તન' સાબિત થશે.

